CRMA J NO.661/2023
A.C.J.M. Olpad

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખઃ | ૨૬/૧૨/૨૦૨૩ | | |
| નોંધ્યા તારીખઃ | ૨૬/૧૨/૨૦૨૩ | | |
| ફેસલ તારીખઃ | ૦૪/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળોઃ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૫ | ૦૯ |

**મહેરબાન ઓલપાડના એડિશ્નલ સીનીયર સીવીલ જજ અને એડિશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૬૬૧/૨૦૨૩**
**આંક–**

અરજદારઃ મીતકુમાર સંતોષભાઈ ઘોડકે
ઉ.આ.વ. ૧૭, ધંધોઃઅભ્યાસ,
રહે. સાંઈબાબા નગર, દેલાડ, સાયણ, તા.ઓલપાડ
જી.સુરતના કુદરતી વાલી તથા ઈષ્ટમીત્ર તરીકે
સંતોષભાઈ દિનકરભાઈ ઘોડકે
ઉ.આ.વ. ૪૨, ધંધોઃવેપાર,
રહે. ઉપર મુજબ.

**વિરૂધ્ધ**

સામાવાળાઃ (૧) શ્રી સુરત ડિસ્ટ્રીકટ શિક્ષણ અધિકારી સાહેબની કચેરીમાં
ઠે.ત્રીજો માળ,જીલ્લા સેવાસદન–૨, બ્લોક–એ,
ડુમસ રોડ, અઠવાલાઈન્સ, સુરત–૩૯૫૦૦૧.

(૨) ડી.આર.જી.ડી. સાર્વજનિક વિદ્યાલય, સાયણ
ઠે. મુ.પો.સાયણ, તા.ઓલપાડ, જી.સુરત.

**<u>વિષયઃ</u>** **<u>ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન ૧૯૭૪, રેગ્યુલેશન–૧૨, કલોઝ–(એ)૬ મુજબની અરજી.</u>**

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | : | વિ.વ.શ્રી એચ.બી.ઠાકર. |

**<u>–:: ઠરાવ ::–</u>**

(૧) આ કામના અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર હાલ તાલુકો કામરેજ, જી.સુરત મુકામે રહે છે. અરજદારનો જન્મ ધુલે, મહારાષ્ટ્ર મુકામે તા.૦૧/૧૦/૨૦૦૫ ના રોજ થયેલો અને જન્મની નોંધણી જે રજીસ્ટરમાં ધુલે મુકામે કરાવેલી. અરજદારે મોહનલાલ લલ્લુભાઈ મહેતા પ્રાથમીક વિભાગ સાયણ, તા.ઓલપાડ, જી.સુરત ખાતે તા.૧૩/૦૬/૨૦૧૧ ના રોજ ધોરણ–૧ માં એડમીશન લીધેલ અને શાળાના રેકર્ડમાં નામ જન્મ દાખલા મુજબ ઘોડકે મીત સંતોષભાઈ ચાલી આવેલ અને ધોરણ–૮ સુધી અભ્યાસ કરી શાળા છોડતા શાળા તરફથી શાળા છોડયાનું પ્રમાણ પત્ર આપવામાં આવેલ. અમો અરજદારે આ કામના સામાવાળા નં.૨ નાઓની શાળામાં ધોરણ–૮ ના શાળા છોડયાના પ્રમાણપત્ર આધારે એડમીશન મેળવેલ જેમાં અમો અરજદારનુ નામ "ઘોડકે મિત સંતોષભાઈ" (Ghodke Meet Santoshbhai) ના બદલે શરતચુકથી સામાવાળા નં.૨ નાએ તેઓના સ્કુલના રેકર્ડમાં અરજદારનુ નામ "દોડકે મિત સંતોષભાઈ" (Dhodke Meet Santoshbhai) લખેલ છે. જેના કારણે અમારા શાળા છોડયાના પ્રમાણપત્રમાં તથા એસ.એસ.સી. માર્કશીટમાં અમારા નામમાં "દોડકે મિત સંતોષભાઈ" (Dhodke Meet Santoshbhai) લખેલ છે. આમ અમારા છોડયાના પ્રમાણપત્રમા તથા એચ.એસ.સી. ની માર્કશીટમાં લખાયેલ નામ ખોટુ છે જયારે અમારા જન્મના દાખલામાં તથા મોહનલાલ લલ્લુભાઈ મહેતા પ્રાથમીક શાળામાંથી આપવામાં આવેલ શાળા છોડયાના પ્રમાણપત્રમાં "ઘોડકે મિત સંતોષભાઈ" (Ghodke Meet Santoshbhai) લખેલ છે. જેથી અમારા શાળા છોડયાના પ્રમાણપત્રમાં, જન્મના દાખલામા, આધારકાર્ડમા તથા

એસ.એસ.સી.ની માર્કશીટમા નામ અલગ અલગ લખાયેલ છે. જે સામાવાળા નં.ર સમક્ષ રજુ કરતા કોર્ટમાંથી હુકમનામું મેળવવાનુ જણાવતા હાલનો દાવો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. જેથી અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તથા અરજીની હકીકતો ધ્યાને લઈ અમો અરજદારનું સાચુ નામ "ઘોડકે મિત સંતોષભાઈ (Ghodke Meet Santoshbhai) છે તેવું જાહેર કરો, સામાવાળા નં.ર નાઓએ આપેલ શાળા છોડયાના પ્રમાણપત્રમાં જણાવેલ અરજદારનુ નામ "દોડકે મિત સંતોષભાઈ" (Dhodke Meet Santoshbhai) લખેલ છે તે ખોટુ છે તેવુ જાહેર કરો તેમજ ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ ધોરણ–૧૦ ની માર્કશીટ તથા પાસીંગ સર્ટીફીકેટમાં અમો વાદીનુ નામ "દોડકે મિત સંતોષભાઈ (Dhodke Meet Santoshbhai) લખેલ છે તે ખોટુ હોવાનું જાહેર કરો તથા નામદાર કોર્ટને યોગ્ય લાગે તે બીજી દાદ અપાવવા અરજ કરેલ છે.

**(૨)** આ કામે અરજદાર તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| ક્રમ | આંક | સાહેદ |
|---|---|---|
| (૧) | ૦૪ | સાહેદ મુકેશકુમાર ચંદુલાલ પાટણવાડીયાની સોગંદ ઉપર સરતપાસ. |
| (૨) | ૦૯ | અરજદાર સંતોષભાઈ દીનકરભાઈ ઘોડકેની સોગંદ ઉપર સરતપાસ. |
| (૩) | ૧૧ | સાહેદ રમેશભાઈ સંજયભાઈ પઠારેની સોગંદ ઉપર સરતપાસ. |
| (૪) | ૧૨ | સાહેદ સુનિલભાઈ જ્ઞાનેશ્વર મીસ્ત્રીની સોગંદ ઉપર સરતપાસ. |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૦૫ | અરજદારના પુત્રને મોહનલાલ લલ્લુભાઈ મહેતા પ્રાથમિક વિભાગ મુ.પો. સાયણ, તા.ઓલપાડ, જી.સુરત તરફથી આપવામાં આવેલ શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ. |

| | | |
|---|---|---|
| ૨ | ૦૬ | સામાવાળા નં. (૨) દ્વારા ગુજરાતી ભાષામાં આપવામાં આવેલ શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ. |
| ૩ | ૦૭ | સામાવાળા નં. (૨) દ્વારા અંગ્રેજી ભાષામાં આપવામાં આવેલ શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ. |
| ૪ | ૦૮ | શાળાના જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ. |
| ૫ | ૧૦ | મીતનું જન્મનું પ્રમાણપત્ર. |

ત્યારબાદ અરજદાર તરફે વધુ પુરાવા રજુ કરવા યોગ્ય મુદત આપેલ હોવા છતા કોઈ વધુ પુરાવો રજુ કરેલ ન હોય કે પુરાવો બંધ જાહેર કરેલ ન હોય અરજદારના વધુ પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૩) આ અરજીના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

૧. શું અરજદાર આંક–૦૧ ની અરજીના પેરા નં.૦૯ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૨. શું હુકમ ?

(૪) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. (૧) અંશતઃ હકારમાં.

મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ.

**<u>–:: કારણો ::–</u>**

**<u>મુદ્દા નં. (૧) અને (૨) :</u>**

(૫) આ કામે અરજદાર તરફે આંક–૪ થી સામાવાળા નં. ૨ ડી.આર.જી.ડી. સાર્વજનિક વિદ્યાલયના કલાર્કનાઓએ તેઓની જુબાનીમાં મુખ્યત્વે જાહેર કરેલ છે કે, અરજદારે અમારી શાળામાં અભ્યાસ કરેલો અને ધોરણ–૮ બાદ અમારી શાળાના માધ્યમિક વિભાગમા પ્રવશે લીધેલો અને ધોરણ–૮ પુર્ણ થતા અમારી શાળા છોડી દીધેલી. નિ.૩/૩ થી રજુ શાળા છોડયાનુ પ્રમાણ પત્ર જેનો સર્ટીફીકેટ નં. ૧૦૫૦૭ છે તથા વિદ્યાર્થીનો જનરલ રજીસ્ટર નં.૯૧૦૯ અને વિદ્યાર્થીના નામમા ધોડકે મીત સંતોષભાઈ

દર્શાવેલ છે. જે આંક–૫ થી રજુ કરેલ છે. તથા અમારી શાળાના માધ્યમિક વિભાગનું જનરલ રજીસ્ટર છે. જે સર્ટીફીકેટ નં.૩૯૬૬ અને વિદ્યાર્થીનો જનરલ રજીસ્ટર નં.૧૯૬૭૨ અને વિદ્યાર્થીનું નામ ધોડકે મીત સંતોષભાઈ દર્શાવેલ છે જે આં ક–૬ થી રજુ કરેલ છે. તેમજ નિ.૩/૪ થી અમારી શાળાનું ઉચ્ચતર માધ્યમિક વિભાગનુ શાળા છોડયાનું પ્રમાણપત્ર જેનો સર્ટીફીકેટ નં.૫૬૫૩ અને વિદ્યાર્થીનો જનરલ રજીસ્ટર નં.૮૦૧૪ અને વિદ્યાર્થીના નામમાં Dhodke Meet Santoshbhai દર્શાવેલ છે જે આંક–૭ થી રજુ છે. તેમજ અમારી શાળાના જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ જોઈને જણાવુ છુ કે, તે ગુજરાતી છે અને તેનો જી.આર. નં. ૧ ૬૬૭૨ ઉપર અરજદારનું નામ ધોડકે મીત સંતોષભાઈ દર્શાવેલ છે. જે આંક–૮ થી રજુ કરેલ છે. તેમજ અરજદારના પિતાએ અમારી શાળાને ઉદ્ધેશીને તા.૨૮/૧ ૨/૨૦૨૩ ના રોજ અરજી લખી અરજદારના નામમા સુધારો કરવાની માંગણી કરેલી જે પત્ર વિર્ડન નં.૪૦ થી તા.૨૮/૧૨/૨૦૨૩ ના રોજ શાળા ધ્વારા ઈન્વર્ડમાં મુકેલ છે જે અરજીમાં માંગ્યા મુજબનો સુધારો અમારી શાળાએથી થઈ શકે નહી કારણ કે વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દીધો હતો.

(૬) સદર કામે અરજદાર તરફે આંક–૯ થી અરજદારના પિતા સંતોષભાઈ ધોડકે, આંક–૧૧ થી સાહેદ રમેશભાઈ પઠારે તથા આંક–૧૨ થી સાહેદ સુનીલભાઈ મીસ્ત્રીનાઓએ સોગંદ ઉપર જુબાની રજુ કરેલ છે જે વંચાણે લેતાં અરજદારના પિતાએ આંક–૧ માં જણાવ્યા મુજબની હકીકતો જાહેર કરી આંક–૧૦ થી અરજદારનું જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ છે. હાલની અરજી મંજુર કરી માંગ્યા મુજબનો સુધારો મંજુર કરવા અરજ કરેલ છે. જયારે બંને સાહેદોએ અરજદારના પિતા તેઓ સાથે નોકરી કરતા હોય તેમને લાંબા સમયથી ઓળખતા હોવાનુ અને તેમનો પુત્ર મીત ડી.આર.જી.ડી. સાર્વજનિક વિદ્યાલય સાયણ ખાતે અભ્યાસ કરતો હોવાનુ અને અરજદારની અટક ધોડકે હોવાનુ અને તેઓના દિકરાની અટક ધોડકે છે તે મુજબનો સુધારો કરવાની હાલની અરજી કરેલ હોવાનુ જાહેર કરેલ છે.

(૭) સદર અરજીના કામે અરજદાર તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા ખરી હકીકતે અરજદારનું નામ "ઘોડકે મીત સંતોષભાઈ" જણાય છે. જયારે અરજદારને ડી.આર.જી.ડી.સાર્વજનિક વિદ્યાલય સાયણ ખાતેથી આપવામાં આવેલ ધોરણ–૧૦ શાળા છોડયાના પ્રમાણ પત્ર ગુજરાતી ભાષામાં જયારે ધોરણ–૧૨ પછીનું શાળા છોડયાનું પ્રમાણપત્ર અંગ્રેજી ભાષામાં આપેલ હોવાનુ જણાય છે. જેથી ખરી હકીકતે અરજદારનુ પુરૂ નામ ખોટુ લખાયેલ નથી પરંતુ જોવામાં આવે તો અરજદારની અટકમાં સ્પેલીંગ મીસ્ટેક હોવાનુ જણાય છે. અરજદારની અટક "ઘોડકે" હોવાનુ જણાય છે અને અંગ્રેજીમાં સદર અટકની સ્પેલીંગ "DHODKE" લખાયેલ હોવાનુ જણાય છે. જેથી અરજદારની રજુઆત અનુસાર અરજદારની અટકની સ્પેલીંગ અંગ્રેજીમાં "GHODKE" લખાય, જેથી સદર શાળા છોડયાના પ્રમાણપત્રના આધારે અરજદારના ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ની માર્કશીટમાં અરજદારની અટકમાં સ્પેલીંગ મીસ્ટેક થયેલ હોવાનું જણાય છે.

(૭.૧) વધુમાં, અરજદાર તરફે આંક–૧૪ થી રજુ કરેલ અરજીમાં પેરા–૩ થી ૮ માં અરજદારે કરેલ હાલની અરજીના પેરા–૩ થી ૮ માં અરજીની જગ્યાએ દાવો શબ્દ લખાયેલ હોય સુધારો કરવા અરજી આપવામાં આવેલ જે ન્યાયના હીતમાં મંજુર કરવામાં આવેલ છે. વધુમાં અરજદારે માંગેલ દાદને ધ્યાને લેતા તથા ગુજરાત માધ્યમીક શિક્ષણ વિનિયમ ૧૯૭૪ના વિનિયમ–૧૨(ક)(૬) માં જણાવ્યા મુજબ વિધ્યાર્થીએ શાળા છોડી દીધા બાદ વિધ્યાર્થીના નામ, અટક, જન્મ તારીખ કે તેના રેકર્ડમાં કોઈ જ ફેરફાર કરવાની સત્તા જે તે શાળાને રહેલી ન હોય જેના કારણે પક્ષકારોએ અદાલતમાં અરજી કરે તે અન્વયે હુકમ મેળવવાનો રહે છે.

(૮) સબબ, અરજદાર તરફે અરજીની હકીકત તથા અરજદારે માંગેલ દાદ તથા તે અન્વયે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં અરજદારે ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ડી.આર.જી.ડી. સાર્વજનિક વિદ્યાલય સાયણ

ખાતે અભ્યાસ કરેલ હોવાનુ અને સદર શાળા દ્વારા અરજદારનું ધોરણ–૧૦ બાદ શાળા છોડયાનુ પ્રમાણપત્ર ગુજરાતી ભાષામાં આપવામાં આવેલ જેમાં અરજદારના નામમા કોલમમાં "ઘોડકે મીત સંતોષભાઈ" જણાવેલ છે. જયારે ધોરણ–૧૨ પાસ થયા બાદ શાળા છોડયાનું પ્રમાણ પત્ર અંગ્રેજી ભાષામાં આપવામાં આવેલ જેમાં અરજદારના નામની કોલમમાં અટક "ઘોડકે" નો સ્પેલીંગ "Ghodke" ની જગ્યાએ "Dhodke" લખેલાનું જણાય આવે છે. તેમજ સદર શાળા છોડયાનું પ્રમાણપત્ર આધારે અરજદારના ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ની માર્કશીટમાં પણ અટકની સ્પેલીંગમાં ભુલ થયેલ હોવાનું જણાય છે. જેથી ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન ૧૯૭૪ ના ૧૨ (૧) કલોઝ–૬ મુજબની જોગવાઈઓ મુજબ ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નં.૧ નો નિર્ણય અંશતઃ હકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

(૧) અરજદારની અરજી આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારનું ગુજરાતી ભાષામા નામ "ઘોડકે મીત સંતોષભાઈ " જે નામ અંગ્રેજી સ્પેલીંગમાં "Ghodke Meet Santoshbhai" થાય છે તેવું જાહેર કરવામાં આવે છે.

(૩) ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન ૧૯૭૪ના ૧૨(૧) કલોઝ–૬ મુજબ આ કામના સામાવાળા નં. ૨ જી.આર.ડી.જી. સાર્વજનિક વિદ્યાલય, મુ.પો. સાયણ, તા.ઓલપાડ, જી.સુરત નાઓને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારના જણાવ્યા અનુસાર અરજદારને અંગ્રેજી ભાષામાં આપવામાં આવેલ શાળા છોડયાના પ્રમાણપત્રમાં અરજદારનું નામ "**<u>Ghodke</u>** Meet Santoshbhai" તે મુજબનો જરૂરી સુધારો કરી આપવો.

(૪) અરજદારને સુધારા મુજબનુ નવુ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ કાઢી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) સદરહુ હુકમને આધારે અરજદારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ માર્કશીટમાં જરૂરી સુધારો કરવા સામાવાળા નં. (૨) મારફતે યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે.

(૬) આ કામે સામાવાળા નં. (૨) ને સદર હુકમની જરૂરી યાદી પાઠવવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૪/૦૬/૨૦૨૬.
સ્થળ ઓલપાડ.

(દીપ્તી મૌલિક પંડયા)
એડી.સીની.સીવીલ જજ અને
અડી.ચીફ જયુડી.મેજી.ઓલપાડ.
Code No. GJ-01290